# બાયડ-મોડાસામાં શાકભાજીની લારીઓ પર કોરોનાની સાવધાની ઘટી

## પાલિકા વિસ્તારો હજુ સંપૂર્ણ કોરોના મુક્ત નથી ત્યાં નિયમો વિસરાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

બાયડ અને મોડાસામાં છેલ્લા ૨ સપ્તાહથી બજારમાં ગ્રાહકોની ભીડ વધી છે અને તે સાથે કોવિડ-૧૯ના નિયમો વિસારે પડયા છે. કોરોનાનું ઘાતક સ્વરૂપ બંન્ને પાલિકા વિસ્તારોમાં જોવા મળ્યા પછી પણ શાકભાજીના વેચાણ સ્થળોએ કોરોનાની સાવધાની ઘટી છે. શાકભાજીનું વેચાણ કરનારા લારીવાળા એકબીજાથી ડિસ્ટન્સ રાખવાનું ભૂલ્યા છે જેના કારણે કોરોના સંક્રમણને નિમંત્રણ અપાતું હોય તેવા દ્રશ્યો શાકભાજી ખરીદતા સમયે જોવા મળી રહ્યાં છે. પાલિકા વિસ્તારો હજુ સંપૂર્ણ કોરોના મુક્ત થયા નથી ત્યાં તમામ નિયમો વિસરાઈ ગયા હોય તેવું લાગી રહ્યું છે.

કોરોનાનું સંક્રમણ જીવલેણ સાબિત થતાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં પ્રજાને ન છૂટકે સ્વૈચ્છીક લૉકડાઉન લેવાની ફરજ પડી હતી. જ્યારે સરકારે પણ શહેરી વિસ્તારોમાં આંશિક નિયમો સાથે લૉકડાઉન આપ્યું હતું.

જેમાં અરવલ્લી જિલ્લામાં નગરપાલિકા વિસ્તારોમાં વેપારીઓએ સ્વૈચ્છીક દુકાનો બંધ રાખતાં વધતા જતા સંક્રમણ ઉપર થોડો અંકુશ આવ્યો હતો. જિલ્લાના પાટનગર મોડાસામાં બપોરે ૩-૦૦ વાગે દુકાનો બંધ રાખવાની સૂચનાનું પાલન થઈ રહ્યું છે પરંતુ સવારે શાકભાજીની લારીઓ ઉપર સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડી રહ્યા છે. ગ્રાહકોની ભીડ અને નજીક-નજીક શાકભાજીનું વેચાણ કરતી લારીઓનો જમાવડો રહેતો હોવાના કારણે શાકભાજી ખરીદનારા ગ્રાહકો સંક્રમણનો ભોગ બને તેવી દહેશત છે. તે જ રીતે બાયડમાં પણ છૂટક શાકભાજીનું વેચાણ કરનારા વેપારીઓ સંક્રમણથી બેફીકર જણાઈ રહ્યા છે. મોંઢા ઉપર ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમો શાકભાજીના વેચાણ સમયે જળવાતા નથી જેના કારણે કાબુમાં આવેલું સંક્રમણ ફરી બેકાબુ બનવાની દહેશત વ્યક્ત થઈ છે.



### કોરોના સંક્રમણ ઘટતાં દેવદર્શન સુલભ

# શામળાજીમાં આજથી વિષ્ણુ મંદિર દર્શનાર્થીઓ માટે ખુલશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરના દ્વાર આજે તા.૧ જૂનથી ભક્તો માટે ખુલ્લા મૂકવાનો નિર્ણય લેવાયો છે. છેલ્લા દોઢ માસથી કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં મંદિર ટ્રસ્ટ દ્વારા દેવદર્શન માટે બંધ કરી દેવાયા હતા પરંતુ હવે સંક્રમણની સ્થિતિ ઓછી થતાં ફરજીયાત માસ્ક તેમજ સોશ્યલ ડિસ્ટન્સના પાલન સાથે ભક્તો માટે શામળીયાના દર્શનની સુલભતા થઈ છે. રાજયના પ્રસિદ્ધ યાત્રાધામ પૈકી પાવાગઢ, અંબાજી, દ્વારકા, ડાકોર અને સોમનાથ મંદિર હજુ અચોક્કસ મુદત માટે બંધ છે ત્યાં શામળાજી મંદિરને ખોલવાનો નિર્ણય લેવાતાં ભક્તો હરખાઈ ઉઠ્યા છે.

કપરા કોરોના કાળમાં કાળા માથાના માનવીને ઘરમાં કેદ થવાની ફરજ પડ્યા પછી દેવમંદિરોને પણ તાળાં વાગી ગયાં છે. કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક નિવડતાં સરકારના આદેશ અનુસાર રાજ્યના પ્રમુખ યાત્રાધામોમાં મંદિરો બંધ કરવાની ટ્રસ્ટી મંડળોને ફરજ પડી છે. ઉત્તર ગુજરાતના યાત્રાધામોમાં શિરમોર ગણાતા શામળાજીના વિષ્ણુ મંદિરમાં સામાન્ય દિવસો ઉપરાંત પુનમના દિવસે રાજ્યના ખૂણે ખૂણેથી શ્રદ્ધાળુઓ દર્શન માટે આવતા હોય છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સોશ્યલ ડિસ્ટન્સ તેમજ ફરજીયાત માસ્કના નિયમોના પાલન સાથે પ્રથમ લહેરમાં દર્શનની છૂટ રાખવામાં આવી હતી પરંતુ ત્યારબાદ કોરોનાની સ્થિતિ ભયાવહ બનતાં મંદિરના દ્વાર ફરીથી બંધ કરી દેવામાં આવ્યા હતા જેમાં દોઢ મહિના સુધી શામળાજી વિષ્ણુ મંદિરના કપાટ બંધ રહ્યા પછી કોરોનાના ઘટતા જતા સંક્રમણ અને પોઝિટિવ કેસની સંખ્યા ઘટી જતાં દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા આજે મંગળવારથી શામળાજી મંદિરના દ્વારા ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેવદર્શન દરમ્યાન દર્શનાર્થીઓ સંક્રમણનો ભોગ ન બને તે માટે ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું સંપૂર્ણ પાલન કરવા માટે મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે. ઘણા લાંબા સમય પછી ભગવાન શામળીયાના દ્વાર ખુલતાં હોવાથી પ્રથમ દિવસે ગાઈડલાઈન સાથે દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડવાની સંભાવના છે.



# ઉત્તર ગુજરાતમાં બેન્ક એ.ટી.એમ. ફરીથી કોરોના સંક્રમણ ફેલાવે તેવી દહેશત

## મોટાભાગના એ.ટી.એમ.માં સેનેટાઈઝરની કોઈ વ્યવસ્થા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ઉત્તર ગુજરાતમાં કોરોનાના રોકેટ ગતિએ વધતા સંક્રમણ ઉપર માંડ અંકુશ આવ્યો છે ત્યાં બેન્કના એ.ટી.એમ. ફરીથી કોરોનાનું સંક્રમણ ફેલાવી શકે છે. મોટાભાગના બેન્ક એ.ટી.એમ.માં સેનેટાઈઝરની કોઈ વ્યવસ્થા નથી જેથી ઉપયોગ કરનારા ગ્રાહકો સંક્રમણનો ભોગ બને તેવી દહેશત છે. બેન્કો દ્વારા કોરોનાના કપરા કાળમાં સરકારે આપેલી ગાઈડલાઈનનો ભંગ થતો હોવા છતાં હોવા છતાં જવાબદાર તંત્ર મૌન સાધી બેસી રહેતાં ગ્રાહકો ઉપર સંક્રમણનું જોખમ છે.

કોરોનાના મુશ્કેલ સમયમાં પૈસાની વધારે જરૂરીયાત ઉભી થતાં મોટાભાગના બેન્ક ગ્રાહકો પૈસા ઉપાડવા માટે એ.ટી.એમ.નો વધુ ઉપયોગ કરતા હોય છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં વિવિધ બેન્કોના એ.ટી.એમ. ઠેકઠેકાણે ગોઠવાયાં હોવાથી સવાર થી સાંજ સુધી હજારો ગ્રાહકો પૈસા ઉપાડવા માટે આવતા હોય છે જેમાં મશીનનો ઉપયોગ કરવા સમયે હેન્ડગ્લોઝનો ઉપયોગ થતો નથી અને બેન્કો દ્વારા સેનેટાઈઝરની કોઈ વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી ન હોવાથી કોરોનાનું સંક્રમણ ફેલાવવામાં બેન્કના એ.ટી.એમ. હોટસ્પોટ તરીકે ઉભરી શકે છે. બેન્કોમાં સેનેટાઈઝરની વ્યવસ્થા ગોઠવવાની સૂચના છતાં મોટાભાગના બેન્ક જવાબદારો વ્યવસ્થા ગોઠવવામાં ઉણા ઉતર્યા છે. કોરોનાનું સંક્રમણ અંકુશમાં લાવવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ૧૫ મહિનાથી ચૂસ્ત નિયમો અને ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. સરકારે બહાર પાડેલા નિયમોનો ભંગ કરનાર સામે દંડાત્મક કાર્યવાહીની જોગવાઈ કરી હોવા છતાં બેન્ક સત્તાવાળાઓ બેફીકર જણાઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં કોરોનાના દૈનિક કેસ સતત ઘટી રહ્યા છે પરંતુ હવે પૈસા ઉપાડવા માટે ગ્રાહકોની સવાર થી સાંજ સુધી મોટી ભીડ જોવા મળી છે અને સેનેટાઈઝરની વ્યવસ્થા ન હોવાના કારણે જોખમ વધ્યું છે.



# સાઠંબામાં શિક્ષકના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

બાયડ તાલુકાના સાઠંબાની સતકૈવલ રેસીડેન્સીમાં રહેતા શિક્ષક કાન્તિભાઈ ભૂરાભાઈ ઠાકોરના બંધ મકાનને નિશાન બનાવી ૬ થી ૭ તસ્કરોની ટોળકીએ દરવાજાનું તાળુ તોડી તિજોરીમાંથી રૂ.૨૦,૦૦૦ની રોકડ રકમ ચોરી જતાં રહીશોમાં સનસનાટી મચી છે. પરોઢે ત્રાટકેલ ટોળકીએ મકાનની અગાઉથી રેકી કરી હોય તે રીતે ચોરીના બનાવને અંજામ આપતાં તસ્કરીનો ભેદ ઉકેલવા માટે પોલીસે એફ.એસ.એલ.ની મદદ લઈ તપાસ હાથ ધરી છે. કોરોનાના કપરા કાળમાં તસ્કરોએ ફરી એકવાર માથું ઉંચક્યું છે. કાળઝાળ ગરમીમાં પ્રજા ગરમીથી બચવા માટે ધાબા-અગાસીઓ ઉપર નિંદ્રાધીન થતી હોવાથી ચોરીને અંજામ આપવો તસ્કરો માટે આસાન બન્યું છે તેમાંય બંધ મકાન સૌથી વધુ તસ્કરોના નિશાના ઉપર રહ્યાં છે. તાલુકાના સાઠંબાની સતકૈવલ રેસીડેન્સીમાં રહેતા અને કપડવંજ તાલુકાની સુણદા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક પરિવારજનો સાથે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા જે સમયે તા.૩૧ની વહેલી પરોઢે તસ્કર ટોળકીએ બંધ મકાનને નિશાન બનાવ્યું હતું.

# અરવલ્લીમાં પોલીસ બંદોબસ્ત સાથે આંતરજ્ઞાતિય લગ્ન યોજાયા

## આંતરજ્ઞાતિય લગ્નનો વિરોધ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

ભિલોડા તાલુકાના રામપૂરી ગામે અનુસૂચિત જનજાતિની યુવતીને દંતોડ ગામના પટેલ યુવક સાથે પ્રેમ સબંધ બંધાયા પછી બંન્નેના પરિવારની મરજીથી લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતુ પરંતુ કેટલાક લોકોએ આ આંતરજ્ઞાતિય લગ્નનો વિરોધ દર્શાવતાં ગત રોજ પોલીસના ચૂસ્ત બંદોબસ્ત સાથે યુવક-યુવતીના આંતરજ્ઞાતિય લગ્ન સંપન્ન કરવામાં આવ્યા હતા. એક તબક્કે આંતરજ્ઞાતિય લગ્ન અટકાવવા માટે કેટલાક સંગઠનો દ્વારા તેનો વિરોધ કરી યુવતીના પિતાને આ લગ્ન સમાજની સંસ્કૃતિ વિરૂદ્ધ હોવાનું જણાવી લગ્ન બંધ રાખવા માટે દબાણ કરવામાં આવ્યું હતું પરંતુ આ મુદ્દે ભિલોડા પોલીસને જાણ કરવામાં આવતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની ઉપસ્થિતિ વચ્ચે લગ્નની રસમ પૂરી થતાં યુવક-યુવતીના પરિવારજનોએ રાહત અનુભવી છે.

આંતરજ્ઞાતિય લગ્નો હવે વધી રહ્યા છે. ખુદ સરકાર તેને પ્રોત્સાહન આપવા માટે આંતરજ્ઞાતિય લગ્ન કરનાર દંપતિને નિયત સહાય આપે છે. પરંતુ ચોક્કસ સમાજોમાં હજુ પણ આવા લગ્નોને સ્વીકારવામાં આવતાં નથી. આંતરજ્ઞાતિય લગ્ન કરનારા યુવક-યુવતીઓ જીવન સંસાર શરૂ કરે તે અગાઉ અનેક વિઘ્નો સામે આવતા હોય છે.

અરવલ્લીના રામપૂરી ગામની અનુસૂચિત જનજાતિની યુવતીને વિજયનગરના દંતોડ ગામના પટેલ યુવક સાથે પ્રેમ સબંધ બંધાયો હતો અને બંન્નેએ એકબીજાની મરજીથી લગ્ન કરવા માગતા હતા બંન્નેના પરિવારજનોને આ આંતરજ્ઞાતિય લગ્ન પ્રત્યે કોઈ વાંધો ન હતો પરંતુ કેટલાક સંગઠનોએ આદિવાસી સંસ્કૃતિની વિરૂદ્ધમાં લગ્ન ન થઈ શકે તેવા દબાણ સાથે વાતને હવા આપતાં લગ્ન સમયે મોટો ડખો થવાની દહેશત ઉભી થઈ હતી જેથી યુવતીના પરિવાર દ્વારા પોલીસને જાણ કરવામાં આવતાં તા.૩૦ ના રોજ લગ્ન સ્થળે પોલીસનો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. નાયબ પોલીસ અધિક્ષક, સ્થાનિક પોલીસ, એલ.સી.બી. સહિતના પોલીસ કાફલાના ચૂસ્ત બંદોબસ્ત સાથે બંન્નેના પરિવારજનોએ આંતરજ્ઞાતિય લગ્નની વિધિ સંપન્ન કરી છે.




# સાબરકાંઠા, અરવલ્લીમાં ૬૦૦૦ હેક્ટર જમીનમાં ઉનાળુ બાજરીનો પાક તૈયાર, ભાવ તળીયે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દર વર્ષે ખેડૂતો ખાદ્યાન્ન તરીકે બાજરીનું વાવેતર કરતા આવ્યા છે. આ વર્ષે ૧૪ તાલુકામાં ખેડૂતોએ કુલ-૬૩૫૬ હેક્ટર જમીનમાં બાજરીનું વાવેતર કરતાં હાલમાં ખેતરો બાજરીના પાકથી લહેરાઈ ઉઠ્યાં છે પરંતુ બજારમાં બાજરીનો ભાવ તળીયે પહોંચતાં ખેડૂતોમાં નારાજગી છે. ગત વર્ષે બાજરીના પ્રતિમણ ભાવ રૂા.૪૫૦ થી ૫૦૦ હતા તે ઘટીને આ વખતે રૂા.૨૨૫ થી ૨૭૫ સુધી તળીયાનો ભાવ મળતાં ખેડૂતોમાં નારાજગી છે.

જિલ્લામાં ખેડૂતો ખેતીની સાથે દૂધાળા પશુઓ ઉપર જીવન નિર્વાહ કરી રહ્યા છે જેના કારણે ખેતીમાં અન્ય ધાન્ય પાકોની સાથે પશુ ચારાને ધ્યાનમાં રાખી ઉનાળામાં બાજરીનું વાવેતર થતું હોય છે. બાજરીનો પાક વાવ્યા પછી લણની સુધીના સમયમાં દવાઓ અને રાસાયણિક ખાતરોની ઓછી જરૂરીયાતમાં પાક તૈયાર થતો હોય છે જેના કારણે ખેડૂતો ઓછી જમીનમાં પણ બાજરીનું વાવેતર અવશ્ય કરતા હોય છે. સાબરકાંઠામાં આ વર્ષે ૨૫૧૮ અને અરવલ્લી જિલ્લામાં ૩૮૩૮ હેક્ટર જમીનમાં ખેડૂતોએ ઉનાળુ બાજરીનું વાવેતર કર્યું હતું. હવામાનમાં બદલાવ છતાં ખેતરમાં બાજરીનો પાક હવે તૈયાર થઈ ગયો છે. ખેડૂતો પાક લણી બજારમાં વેચાણ કરે તે અગાઉ જ બાજરીના ભાવ તળીયે પહોંચ્યા છે. મણ દીઠ બાજરીનો ભાવ ઘટીને રૂા.૨૨૫ થી રૂા.૨૭૫ ની સપાટીએ પહોંચતાં ખેડૂતોએ બાજરીનો ઉપયોગ વેચવાને બદલે ઘર ઉપયોગ માટે જ કરવો પડે તેવી સ્થિતિ પેદા થઈ છે. ઉનાળુ બાજરીના ભાવ ઘટતાં ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે જો કે સાનુકુળ હવામાનથી મોટાભાગના વિસ્તારોમાં બાજરીનું મબલખ ઉત્પાદન થવાની આશા ખેડૂતોએ વ્યક્ત કરી છે.



# ટીંટીસર-સજાપુરના ખેતરોમાં નિલગાય, ભૂંડનો કાયમી ત્રાસ

## ખેડૂતો દરેક સીઝનમાં ભેલાણથી પાયમાલ

ટીંટીસર, તા.૩૧

મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુરના ખેતરોમાં છેલ્લા ૫ વર્ષથી નિલગાય અને ભૂંડનો ત્રાસ વધી જતાં ખેડૂતો ત્રાહીમામ પોકારી ગયા છે. ખેતીની દરેક સીઝનમાં ખેતરમાં ઉભા પાકનું ભેલાણ થતું હોવાથી ખેડૂતો પાયમાલ બની ગયા છે. ભેલાણ અટકાવવા માટે ખેતરોમાં રાત્રિ પહેરો કરવા છતાં નિલગાય અને ભૂંડનાં ટોળાં ખેતરોમાં પ્રવેશી વાવેતરનો ખુડદો બોલાવતા હોવાથી ખરીફ સીઝન ટાણે ખેડૂતો ભેલાણના પ્રશ્નથી ચિંતિત બન્યા છે.

જિલ્લામાં નિલગાયોની સંખ્યા સતત વધી રહી છે. અત્યાર સુધી ખેડૂતો નિલગાયોને ખેતરમાંથી દૂર ખદેડવા માટે જજૂમી રહ્યા હતા ત્યાં હવે ગ્રામ્ય વિસ્તારોના ખેતરોમાં ભૂંડનાં ટોળાંએ ખેડૂતોને પરેશાન કરી મૂક્યા છે. મોડાસા તાલુકાના ટીંટીસર-સજાપુર પંથકના ખેડૂતો ખેતીની દરેક સીઝનમાં મોંઘુદાટ બિયારણ અને રાસાયણિક ખાતરો પાછળ અઢળક ખર્ચો કરી સારૂ પાક ઉત્પાદન લેવા માટે મહેનત, મજૂરી કરતા હોય છે પરંતુ સીઝનના અંતમાં ખેડૂતો સરવૈયું માંડે ત્યારે માત્ર ને માત્ર ભેલાણથી ખોટ સહન કરવી પડતી હોય છે. બંન્ને ગામના સીમાડામાં છેલ્લા કેટલાય સમયથી નિલગાય અને ભૂંડનો ઉપદ્રવ વધી ગયો છે.

ખેતીની સીઝનમાં બિયારણનું વાવેતર થાય કે તરત પ્રાણીઓ ખેતરોમાં પ્રવેશી બિયારણનો સફાયો કરી નાખતા હોય છે. ખેતરોમાં ખેડૂતો વાવેતર બચાવવા માટે રાત ઉજાગરા કરતા હોય છે તેમ છતાં નિલગાય અને ભૂંડનાં ટોળેટોળાં ખેતરોમાં પ્રવેશી ઉભા પાકને નુકસાન પહોંચાડતાં હોય છે. હાલ ચોમાસુ નજીક આવતાં ખેડૂતોએ ખરીફ વાવેતરની તૈયારીઓ તો કરી દીધી છે પરંતુ ખેતરોમાં ભેલાણનો પ્રશ્ન પેચીદો બની જતાં ભેલાણ અટકાવવા માટે ચોમાસાની સીઝનમાં કયો ઉપાય અજમાવવો ? તેની ખેડૂતો દ્વિધા અનુભવી રહ્યા છે. વન વિભાગ દ્વારા નિલગાયોના વસતી વિસ્ફોટ ઉપર અંકુશ મૂકવામાં આવે તેવું પંથકના ખેડૂતો બોલી રહ્યા છે.

# જિલ્લામાં વિશ્વ તમાકુ દિવસની ઉજવણી નિરસ : કોરોના કાળમાં તમાકુ દિવસ વિસરાયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૧

તા.૩૧ મે.ના રોજ વિશ્વ તમાકુ દિવસની દર વર્ષે ઉજવણી થતી હોય છે પરંતુ કોરોના કાળમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉજવણી નિરસ જણાઈ છે. વહીવટી તંત્રનું સમગ્ર ધ્યાન કોરોના ઉપર કેન્દ્રીત હોવાના કારણે જાણે કે ખાસ દિવસ વિસરાઈ ગયો હોય તેવી સ્થિતિ જોવા મળી. જિલ્લામાં તમાકુ કંટ્રોલ વિભાગ જાણે કે કાગળ ઉપર કાર્યરત હોય તેવી સ્થિતિ સામે આવી છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૭ મે.૧૯૮૭માં નિર્ણય લઈ તા.૩૧ મે.ના રોજ વિશ્વ તમાકુ દિવસ તરીકે ઉજવણી શરૂ કરવામાં આવી હતી. તમાકુનું વ્યસન કરનારને ૨૦ પ્રકારના કેન્સર થતા હોય છે જેમાં મોંઢું, ફેફસાં, ગળું તેમજ મૂત્ર નળીનું કેન્સર જીવલેણ સાબિત થતું હોવાથી અત્યાર સુધીમાં લાખો લોકો તમાકુના વ્યસનથી મોતના મુખમાં ધકેલાઈ ગયા છે જેથી વિશ્વ તમાકુ દિવસે લોકો વ્યસન છોડી નિર્વ્યસની બને તે માટે જાગૃતિ લાવવાના પ્રયાસ આ ખાસ દિવસે થતા હોય છે પરંતુ જિલ્લામાં કોરોનાએ કોહરામ મચાવ્યો હોવાથી તંત્રનું ધ્યાન વિશ્વ તમાકુ દિવસની ઉજવણી ઉપરથી દૂર હડસેલાયું છે. તા.૩૧ ના રોજ માત્ર કહેવા ખાતર ઉજવાયો હોય તેવું લાગી રહ્યું છે. બંન્ને જિલ્લામાં ક્યાંય પણ આ દિવસે નેત્ર દિપક કામગીરી થઈ ન હોવાની વિગતો બહાર આવી છે. જાહેર સ્થળોએ વર્તમાન કોરોના કાળમાં પણ જાહેરમાં તમાકુ, ગુટખાનું સેવન કરવાથી માંડી વ્યસનીઓ બીડી, સિગારેટના કસ લગાવી કાયદાની ઠેકડી ઉડાડતા જોવા મળી રહ્યા છે.


પ્રથમ માસિક પુણ્યતિથિએ

અશ્રુભીની શ્રધ્ધાંજલિ



સ્વ.કપિલદેવ અજમલસિંહ ઝાલા

સ્વ. તા.૧-૫-૨૦૨૧, શનિવાર

બાયડ, જિ.અરવલ્લી

હસીને હસાવનાર સૌને રડાવી ગયો, હમણાં આવું છું કહીને આંખ પલકાવી ગયો, હૃદયના ઘા કદી રૂઝાશે નહીં, મૃત્યુના આંસુ કદી

અજમલસિંહ શનસિંહ ઝાલા

લાલુબેન અજમલસિંહ ઝાલા

મયુરસિંહ અજમલસિંહ ઝાલા

જાગૃતિબેન મહેશકુમાર પરમાર

કલ્પનાબેન વિક્રમસિંહ ઝાલા

હેતલબેન કપિલદેવ ઝાલા

બાયડ(મૂળ રહે.લાંક), તા.બાયડ, જિ. અરવલ્લી

મો.૯૭૨૬૩૫૦૭૮૭


# સાબરકાંઠા જિલ્લામાં ૧૫૮ શિક્ષણ સહાયકને કલેક્ટરના વરદ હસ્તે નિમણૂક પત્ર અપાશે

## અન્ય ઉમેદવારોને હિમ્મત હાઇસ્કુલ ખાતે નિમણૂક પત્રો અપાશે



હિંમતનગર તા.૩૧

રાજય સરકાર દ્વારા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ ભરતી હાથ ધરાઈ હતી. જેમાં પસંદથી પામેલા ઉમેદવારોને જિલ્લાના વિવિધ જગ્યાએ નિમૂણક કરાઈ છે જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં પણ ૧૫૮ ઉમેદવારોની શિક્ષણ સહાયકોની ભરતી કરાઈ છે. પસંદગી પામેલા ઉમેદવારોને આજે તા. ૧ જૂન ૨૦૨૧ મંગળવારના રોજ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે સવારે ૧૦-૩૦ કલાકે જિલ્લા કલેક્ટર હિતેષ કોયાના વરદ હસ્તે નિમણૂક હુકમ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત અન્ય ઉમેદવારોને હિમત હાઈસ્કૂલ ખાતે નિમણૂક પત્ર આપવામાં આવશે એમ જિલ્લા શિક્ષણાધિકારીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.